**કાર્યપાલક ઈજનેર**

**સુરત મહાનગરપાલિકા**
**સાઉથ ઝોન (ઉધના)-બી**
**સત્યનગર સામે, ઉધના, સુરત**
FAX : 91-0261-2272147
PHONE : 2278429-2277043

---

**સા.ઝોન/ટેક./૩૦૭,**
**તા.૨૩/૦૯/૨૦૨૧**

**કામનું નામ :** સાઉથ ઝોન (ઉધના)–બી માં સમાવિષ્ટ સચીન, કનકપુર–કનસાડ, પારડી–કણદે, પાલી, તલંગપોર અને ઉબેંર વિસ્તારોમા સમ્પ / અંડર ગ્રાઉન્ડ ટાંકીઓ તેમજ ઓવરહેડ ટાંકીઓની સાફ સફાઈ કરવાનું કામ.

સાઉથ ઝોન (ઉધના)–બી માં સમાવિષ્ટ સચીન, કનકપુર–કનસાડ, પારડી–કણદે, પાલી, તલંગપોર અને ઉબેંર વિસ્તારોમા સમ્પ / અંડર ગ્રાઉન્ડ ટાંકીઓ તેમજ ઓવરહેડ ટાંકીઓની સાફ સફાઈ કરવાનું કામ કરવા તમો રસ ધરાવતા હોય તો નીચે મુજબની જરૂરી અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ સાથેનું તમારૂ ભાવપત્રક **તા. ૨૭/૦૯/૨૦૨૧** સુધીમાં નીચે સહી કરનારને મોકલવા ઘટતું કરશો. કામ તથા શરતો અંગેની વિસ્તૃત સમજ માટે અત્રે ઝોનના પાણી ખાતાનો સંપર્ક કરવો.

## સામાન્ય શરતો (General Conditions)

(૧) ઈજારદારે ભાવપત્રક સાથે બાનાની રકમ પેટે **રૂા.૭,૫૦૦.૦૦ પૈ.** પે–ઓર્ડર/ડીમાન્ડ ડ્રાફટ, ફકત કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા, સુરતના નામનો અવશ્ય બીડવાનો રહેશે. બાનાની રકમ સિવાયનું ભાવપત્રક રદ થવાને પાત્ર રહેશે.

(૨) ઈજારદારે ભરેલ ભાવપત્રક તા. **૨૭/૦૯/૨૦૨૧ ના રોજ સાંજે ૬–૦૦ કલાક** સુધીમાં સાઉથ ઝોન (ઉધના)–બી સત્યનગર સામે, ઉધના, સુરત ખાતે સબમીટ કરવાનુ રહેશે.

(૩) સદર ભાવપત્રક રકમના ૨૦% પ્રમાણે રૂા.૩.૦૦ લાખનું બેંક સોલવન્સી સર્ટીફીકેટ સામેલ કરવાનું રહેશે. ઈજારદારે ભાવપત્રક સાથે આવા પ્રકારના કરેલા કામોના પ્રમાણપત્રો બીડવાનો રહેશે.

(૪) ભાવપત્રક સાથે કોઈપણ જાતની શરત સ્વીકારવામાં આવશે નહી. શરતી ભાવપત્રક રદ થવાને પાત્ર રહેશે.

(૫) ભાવપત્રક ભરતા પહેલા સંબંધિત એન્જીનીયર ઈન્ચાર્જની રૂબરુમાં સ્થળ વીઝીટ કરી કરવાપાત્ર કામગીરી અંગે માર્ગદર્શન મેળવી લેવાનું રહેશે.

(૭) ઈજારો મેળવનાર ઈજારદારે વર્ક ઓર્ડર મળ્યેથી દિન–૧૦ (દસ)માં જરૂરી કિંમતના ગુજરાત રાજયના સ્ટેમ્પ પેપર પર કરારનામું કરવાનું રહેશે તથા મંજુર થયેલ રકમના ૨.૦% લેખે સીકયોરીટી ડીપોઝીટની રકમ રોકડા/ ડીમાન્ડ ડ્રાફટ/ પે ઓર્ડર થી જમા કરાવવાની રહેશે અન્યથા પ્રતિદિવસના વિલંબ પેટે દરરોજના સીકયોરીટી ડીપોઝીટની રકમનાં ૦.૦૬૫% લેખે પેનલ્ટી વસુલ કરવામાં આવશે.

(૮) આ કામે ઈજારદારે લઘુત્તમ ૧૫ લાખ લીટરની ક્ષમતા ધરાવતી ઓવરહેડ ટાંકીની સફાઈનું સરકારી /અર્ધસરકારી સંસ્થાનું પ્રમાણપત્ર હોવું ફરજીયાત છે.

(૯) દરેક રનીગ એકાઉન્ટ બીલમાંથી કરેલ કામની રકમના ૭% લેખે રકમ રીટેન્સન મની તરીકે કાપી જમા રાખવામાં આવશે. જે રકમ ફાયનલ બીલમાં છૂટી કરવામાં આવશે.

(૧૦) કોઈપણ ભાવપત્રક મંજુર કરવા કે કોઈપણ અથવા બધા જ ભાવપત્રકો રદબાતલ કરવાનો અધિકાર કમિશ્નર, સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે અને તે પેટે કોઈપણ કારણ આપવામાં આવશે નહી.

(૧૧) સદર કામે ઈજારદારે લેબર લાયસન્સ લેવાનું રહેશે તથા આનુસાંગિક નિયમો– કાયદાનું પાલન કરવાનું રહેશે. વધુમાં, લાયસન્સ મેળવ્યા વગર કામ ચાલુ કરવામાં આવશે તો તેની ઉપસ્થિત સર્વાંગી જવાબદારી ઈજારદારની પોતાની રહેશે.

(૧૨) આપના દ્વારા રોકેલા/રોકવામાં આવનાર કામદારોને નિયમિત રીતે પગાર પત્રક, હાજરી પત્રક બનાવી ઈ.એસ.આઈ. તથા પ્રોવિડન્ડ ફાળાની રકમ નિયમિત કપાત કરી કાયદા મુજબ જમા કરાવી ચલણ અત્રે રજુ કરવાના રહેશે. ઈ.એસ.આઈ., પ્રોવિડન્ડ ફંડ તથા મજૂર અંગેના કાયદાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે તથા આ રીતે સોસીયલ સીકયુરીટી કવરેજ ફાળાની કેટલી રકમ જમા કરવામાં આવી તેની માહિતી, કામદારોની યાદી સહિત પ્રતિ માસ અત્રેની કચેરીને મોકલવાની રહેશે. ઈજારદારે સાઈટ પર રોકેલા બધા કામદારો, મજૂરોનો અકસ્માત વીમો લેવાનો રહેશે.

(૧૩) ઈજારદાર દ્વારા જે કર્મચારીઓ / કામદારો રોકવામાં આવે તેઓને કોઈપણ સંજોગોમાં લઘુતમ વેતનથી ઓછો પગાર આપી શકાશે નહી.

(૧૪) ઈજારદાર તરફથી જે માણસો કામ માટે રોકવામાં આવે તે માણસોના પગાર ભથ્થા, રજા વિગેરે કોઈપણ પ્રકારના હકક માટે મહાનગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહી તથા તેઓ મહાનગરપાલિકાના કર્મચારી ગણાશે નહી.

(૧૫) ઈજારદાર તરફથી રોકવામાં આવેલ કામદારોની સ્થળ પર રહેઠાંણની વ્યવસ્થા થઈ શકશે નહી. તેઓએ તેમના જરૂરી સાધનો રોજે–રોજ લાવવા/લઈ જવાના રહેશે.

(૧૬) ઈજારદારના કામદાર / કર્મચારીને કોઈ અકસ્માત / ઈજા થાય અથવા મૃત્યુ તુલ્ય ફેટલ અકસ્માતના સંજોગોમાં સંપુર્ણ જવાબદારી ઈજારદારની રહેશે કઅને આ કામગીરી માટે તમામ સલામતીના પગલાં લેવાના રહેશે તેમજ ઈજારદારે સેફટી સાધન જેવા કે, સેફટી બેલ્ટ, સીડી, માસ્ક, ઓકસીજન સીલીન્ડર વિગેરેની વ્યવસ્થા કામની સાઈટ પર રાખવાની રહેશે. તથા આવા કિસ્સામાં સુરત મહાનગરપાલિકા કોઈ વળતર ચુકવશે નહી કે તેમ કરવા બંધાયેલ નથી.

(૧૭) આ કામે આખા વર્ષ દરમ્યાન જરૂર જણાય ત્યારે જે તે સમ્પ / અંડર ગ્રાઉન્ડ ટાંકીઓ તેમજ ઓવરહેડ ટાંકીઓની સાફ–સફાઈની કામગીરી કરાવવામાં આવશે. કોઈ કારણસર ટાંકી સાફ–સફાઈ કરવાનું ન થાય તો કોઈ કલેઈમ કરી શકશે નહી તથા આવા સંજોગોમાં ઈજારદારની સંમતિ તથા સક્ષમ સત્તાધિશની મંજુરીને આધિન કામની સમયમર્યાદા વધારી કામગીરી કરાવવામાં આવશે.

(૧૮) સદર કામનું ચુકવણું જે–તે સમ્પ / અંડર ગ્રાઉન્ડ ટાંકીઓ તેમજ ઓવરહેડ ટાંકીઓનો એન્જીનીયર–ઈન–ચાર્જે પુરા પાડેલ પ્રમાણિત માપ મુજબ કરેલ સફાઈ કામગીરીનાં માપો લઈ કરવામાં આવશે. જેમાં ફલોર એરીયા, સ્લાન્ટ એરીયા, સીલીન્ડરીકલ વોલ, ઈનર સાફટ તેમજ પ્લેટ ફોર્મ વિગેરેનાં માપો ગણતરીમાં લેવામાં આવશે.

(૧૯) આ સાથે સામેલ Annexure માં જણાવેલ વિવિધ સમ્પ / અંડર ગ્રાઉન્ડ ટાંકીઓ તેમજ ઓવરહેડ ટાંકીઓનો Capacity ફકત જાણકારી માટે છે.

(૨૦) Annexure માં જણાવેલ સમ્પ / અંડર ગ્રાઉન્ડ ટાંકીઓ તેમજ ઓવરહેડ ટાંકીઓનો સિવાય અન્ય સમ્પ / અંડર ગ્રાઉન્ડ ટાંકીઓ તેમજ ઓવરહેડ ટાંકીઓનો સફાઈ કરવાની થાય તો પણ મંજુર ભાવ મુજબ કરી આપવાની રહેશે.

(૨૧) સરકારશ્રીનો કોઈ પણ પ્રકારે સર્વિસ ટેક્ષ કામગીરીનાં સમયગાળા દરમ્યાન લાગુ પડે તો, તે સુરત મહાનગરપાલિકા ભોગવશે પરંતુ તે અંગેના અધિકૃત પુરાવા સફળ ઈજારદારે સુરત મહાનગરપાલિકામાં દિન – ૩૦ (ત્રીસ) માં જમા કરાવવાના રહેશે ત્યારબાદ સુરત મહાનગરપાલિકાની આવા પ્રકારના સર્વિસ ટેક્ષ ચૂકવવા અંગે કોઈ પણ જવાબદારી રહેશે નહી એટલે દિન – ૩૦ (ત્રીસ) બાદ ઈજારદારે રજૂ કરેલ અધિકૃત પુરાવાનું સુરત મહાનગરપાલિકા વળતર ચૂકવશે નહી જે અંગે સ્પષ્ટ નોંધ લેવી. તે સિવાયના કોઈ પણ લાગુ ટેક્ષ ઈજારદારના બીલમાંથી સુરત મહાનગરપાલિકા સરકારના નીતિ–નિયમ મુજબ કાપી શકાશે.

(૨૨) સુરત સ્થિત ઈજારદારે, ગુજરાત રાજય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ–૧૯૭૬ હેઠળ વ્યવસાયવેરા નોંધણી (ઈ.સી. અને આર.સી.) અંગેના પુરાવા તેમજ વ્યવસાયવેરો ભર્યાની રસીદ અત્રેથી માંગવામાં આવે ત્યારે રજુ કરવાની રહેશે.

(૨૩) સદર કામે સ્વીકારવામાં આવેલ ઈજારદારે, ભાવપત્રકમાં જણાવેલ કામગીરીમાં રોકાયેલ તમામ કામદાર, સુપરવાઈઝર, કોન્ટ્રાકટર તથા જે સાઈટ પર કામગીરી કરતાં હોય તેઓ તમામની "Workman Compensation Policy" અને થર્ડ પાર્ટીની ઈન્સ્યોરન્સ પોલીસી લેવાની રહેશે. આ પોલીસી કોન્ટ્રાકટરનાં નામે મેળવી અત્રે સંબંધિત અધિકારીશ્રીને જમા કરાવવાની રહેશે.

**કાર્યપાલક ઈજનેર**
**સાઉથ ઝોન (ઉધના)–બી**
**સુરત મહાનગરપાલિકા**

**ઈજારદારની સહીઃ–**

**સરનામુંઃ–**

તારીખઃ–

## કામ અંગેની જરૂરી સૂચનાઓ (Scope of work)

(૧) ઈજારદારે આ કામગીરી નિયત સમયમર્યાદામાં પૂરી થાય તે માટે જરૂરીયાત મુજબના મજૂરો, કામદારો તથા સાધન – સામગ્રી રાખવાની રહેશે.

(૨) ઈજારદાર દ્વારા રોકવામાં આવેલ માણસો દ્વારા આજુબાજુ આવેલ બાંધકામને કોઈ નુકશાન થાય તો ઈજારદારે પોતાના ખર્ચે અને જોખમે તે યથાવત કરી આપવાનું રહેશે.

(૩) આ કામગીરી અંગેની જરૂરીયાત મુજબના તમામ સાધનો જેવા કે સીડી, બ્રશ, બાલદી, દોરડા, કાપડના ટુકડા,પી.વી.સી. ફલેકસીબલ પાઈપ, ડી–વોટરીંગ પંપ વિગેરે ઈજારદારે પોતાના ખર્ચે લાવવાનો રહેશે. આ કામનું ભાવપત્રક ભરતા અગાઉ ઈજારદારે ભાવપત્રકમાં સમાવિષ્ટ તમામ સમ્પ / અંડર ગ્રાઉન્ડ ટાંકીઓ તેમજ ઓવરહેડ ટાંકીઓ તેની આંતરીક સ્થિતિ, હયાત સીડી/દાદર,સમ્પ (Sump), મેનહોલ વિગેરેની રૂબરુસ્થળ મુલાકાત લઈને કામની વાસ્તવિક પરિસ્થિતિથી માહિતગાર થયા બાદ ભાવ ભરવાના રહેશે. તદનુસાર જે–તે ટાંકીની સફાઈ માટે આવશ્યક માનવબળ અને સાધનોની ગણત્રી કરીને ભાવ ભરવાનો રહેશે, બાદમાં, આ અંગેની કોઈપણ પ્રકારની રજુઆત કે તકરાર ચલાવી લેવામાં આવશે નહી.

(૪) આ કામગીરી દરમ્યાન જરૂર જણાયે ઈલેક્ટ્રીસીટી સપ્લાય, ફાયર ફાયટર સુરત મહાનગરપાલિકા દ્વારા ફ્રી ઓફ કોસ્ટ આપવામાં આવશે. ટાંકીની સફાઈ થયે ડીસઈન્ફેકશન માટે જરૂરી કેમીકલ સુરત મહાનગરપાલિકા દ્વારા ફ્રી ઓફ કોસ્ટ આપવામાં આવશે. જેનો છંટકાવ ઈજારદારે કરવાનો રહેશે.

(૫) આ કામગીરીની સમયમર્યાદા ૧ (એક) વર્ષની રહેશે. આ કામે સમ્પ / અંડર ગ્રાઉન્ડ ટાંકીઓ તેમજ ઓવરહેડ ટાંકીઓની સફાઈ કરવા સામાન્ય રીતે ૭ (સાત) દિવસ પહેલા જણાવવામાં આવશે. પરંતુ કોઈ સંજોગોમાં ૨૪ કલાક પહેલા પણ અત્રેથી જાણ કરવામાં આવે તો પણ કામગીરી જણાવેલ નિયત સમયમાં ચાલુ કરી દેવાની રહેશે. જો તેમ કરવામાં કસુર/ચુક જણાશે, તો મંજુર થયેલ રકમના ૦.૨% પ્રતિદિન પ્રમાણે પેનલ્ટીની રકમ બીલમાંથી વસુલ લેવામાં આવશે. મહત્તમ પેનલ્ટી મંજુર થયેલ રકમનાં ૧૦% રહેશે. સદર કામગીરી માટે તારીખ અને સમય નકકી કર્યા બાદ સમ્પ / અંડર ગ્રાઉન્ડ ટાંકીઓ તેમજ ઓવરહેડ ટાંકીઓ અત્રેના ખાતા ધ્વારા ખાલી કરી આપ્યેથી નિયત સમયમર્યાદામાં પુરી કરવાની રહેશે અને તે માટે ઓછામાં ૬ કલાકથી વધુમાં વધુ ૧૨ કલાકનો સમય આપવામાં આવશે, જેનો આધાર સમ્પ / અંડર ગ્રાઉન્ડ ટાંકીઓ તેમજ ઓવરહેડ ટાંકીઓની સ્થળ સ્થિતિ પર તથા પાણી પૂરવઠાનાં સમયગાળા પર રહેશે. ઈજારદારે પાણી પૂરવઠાને અસર ન પહોંચે તેની ખાસ તકેદારી રાખી કામગીરી પુર્ણ કરવાની રહેશે. સમ્પ / અંડર ગ્રાઉન્ડ ટાંકીઓ તેમજ ઓવરહેડ ટાંકીઓની સફાઈની કામગીરી પૂર્ણ થયા બાદ જે તે ટાંકી પરના એન્જીનીયર–ઈન–ચાર્જ દ્વારા સૂચના આપવામાં આવે તે સ્થળે સફાઈ દરમ્યાન નીકળેલ કચરો કે અન્ય મટીરીયલ વહન કરી લઈ જવાનો રહેશે.

(૬) કામ પુર્ણ થયેથી, જે તે ટાંકી પરના એન્જીનીયર–ઈન–ચાર્જનું સંતોષકારક રીતે કામ પુર્ણ કર્યા બાબતનું પ્રમાણપત્ર, કરવામાં આવેલ કામગીરીનું માપ સહિત ઈજારદારે મેળવવાનું રહેશે અને આ પ્રમાણપત્ર તેઓએ આ કામના બીલની સાથે રજુ કરવાનું રહેશે. ત્યારબાદ બીલના નાણાનું ચુકવણા અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**કાર્યપાલક ઈજનેર**
**સાઉથ ઝોન (ઉધના)–બી**
**સુરત મહાનગરપાલિકા**

**ઈજારદારની સહીઃ–**

**સરનામુંઃ–**

તારીખઃ–

# ANNEXURE

| અનુક્રમ | | લોકેશન | પ્રકાર | કેપેસીટી |
|---|---|---|---|---|
| ૧ | સચિન | સચિન સ્ટેશન | સમ્પ / UGT | ૩ લાખ લીટર |
| | | | ઓવરહેડ ટાંકી | ૭ લાખ લીટર |
| ૨ | કનકપુર કનસાડ | કનકપુર કનસાડ ઓફિસની બાજુમાં | સમ્પ / UGT | ૪.૫લાખ લીટર |
| | | કનકપુર કનસાડ ઓફિસની બાજુમાં | સમ્પ / UGT | ૩૫.૭૫લાખ લીટર |
| | | કનસાડ મહાદેવ મંદિરની બાજુમાં | સમ્પ / UGT | ૨.૫લાખ લીટર |
| | | કનસાડ ૨૮ ગાળા પાસે | સમ્પ / UGT | ૭.૧૦ લાખ લીટર |
| | | ઉમિયાનગર સોસાયટી | સમ્પ / UGT | ૪૦,૦૦૦ લીટર |
| | | રાધા કૃષ્ણ સોસાયટી | સમ્પ / UGT | ૨૭,૦૦૦ લીટર |
| | | ગણેશનગર સોસાયટી | સમ્પ / UGT | ૮૫,૦૦૦ લીટર |
| | | સ્નેહમિલન સોસાયટી | સમ્પ / UGT | ૧ લાખ લીટર |
| | | આશાપુરી  સોસાયટી | સમ્પ / UGT | ૧ લાખ લીટર |
| | | વૃંદાવન સોસાયટી | સમ્પ / UGT | ૩૫,૦૦૦ લીટર |
| | | કનકપુર સ્લમ બોર્ડ | સમ્પ / UGT | ૭ લાખ લીટર |
| | | કનકપુર કનસાડ ઓફિસની બાજુમાં | ઓવરહેડ ટાંકી | ૨.૫ લાખ લીટર |
| | | કનકપુર કનસાડ ઓફિસની બાજુમાં | ઓવરહેડ ટાંકી | ૧૭.૭૦ લાખ લીટર |
| | | કનસાડ મહાદેવ મંદિરની બાજુમાં | ઓવરહેડ ટાંકી | ૧.૫ લાખ લીટર |
| | | કનસાડ ૨૮ ગાળા પાસે | ઓવરહેડ ટાંકી | ૩.૨ લાખ લીટર |
| | | કનસાડ ગામ હળપતિવાસ | ઓવરહેડ ટાંકી | ૦.૫૦ લાખ લીટર |
| ૩ | પારડી કણદે | શિવશકિત સોસાયટી | સમ્પ / UGT | ૨.૫ લાખ લીટર |
| | | કરૂણાપાર્ક  સોસાયટી | સમ્પ / UGT | ૧.૫ લાખ લીટર |
| | | પારડી પંચાયત ઓફિસની બાજુમાં | સમ્પ / UGT | ૨.૫ લાખ લીટર |
| | | ઈન્દિરાનગર | ઓવરહેડ ટાંકી | ૭૦,૦૦૦ લીટર |
| ૪ | પાલી | વિષ્ણુનગર | સમ્પ / UGT | ૩ લાખ લીટર |
| | | | ઓવરહેડ ટાંકી | ૧ લાખ લીટર |
| ૫ | તલંગપુર | તલંગપુર પ્રા.શાળાની બાજુમાં | ઓવરહેડ ટાંકી | ૧.૪ લાખ લીટર |
| | | તલંગપુર તળાવની બાજુમાં | ઓવરહેડ ટાંકી | ૬૦,૦૦૦ લીટર |
| | | હળપતિવાસ | ઓવરહેડ ટાંકી | ૪૦,૦૦૦ લીટર |
| | | તળાવફળિયુ હળપતિવાસ પાસે | સમ્પ / UGT | ૩ લાખ લીટર |
| ૬ | ઉંબેર | ઉબેર પ્રા.શાળા પાસે | ઓવરહેડ ટાંકી | ૧ લાખ લીટર |
| | | | સમ્પ / UGT | ૭૫,૦૦૦ લીટર |
| | | હળપતિવાસ મહાદેવ મંદિર પાસે | ઓવરહેડ ટાંકી | ૭૫,૦૦૦ લીટર |

Name of Work :Cleaning of Sump / Underground Tank and Overhead Tank in Various Areas of Sachin, Kanakpur – Kansad, Pardi – Kande, Pali, Talangpore and Umber Areas of South Zone (Udhna) – B.

| ANNEXURE | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| અનુક્રમ | | લોકેશન | પ્રકાર | Capacity | Unit | Rate Including GST | Amount Including GST |
| ૧ | સચિન | સચિન સ્ટેશન | સમ્પ | 3,00,000.00 | Litre | | |
| | | | ESR | 315.00 | Sq.Mt. | | |
| ૨ | કનકપુર કનસાડ | કનકપુર કનસાડ ઓફિસની બાજુમાં | સમ્પ | 4,50,000.00 | Litre | | |
| | | કનકપુર કનસાડ ઓફિસની બાજુમાં | સમ્પ | 1,080.00 | Sq.Mt. | | |
| | | કનસાડ મહાદેવ મંદિરની બાજુમાં | સમ્પ | 2,50,000.00 | Litre | | |
| | | કનસાડ ૨૮ ગાળા પાસે | સમ્પ | 220.00 | Sq.Mt. | | |
| | | ઉમિયાનગર સોસાયટી | સમ્પ | 40,000.00 | Litre | | |
| | | રાધા કૃષ્ણ સોસાયટી | સમ્પ | 27,000.00 | Litre | | |
| | | ગણેશનગર સોસાયટી | સમ્પ | 85,000.00 | Litre | | |
| | | સ્નેહમિલન સોસાયટી | સમ્પ | 1,00,000.00 | Litre | | |
| | | આશાપુરી સોસાયટી | સમ્પ | 1,00,000.00 | Litre | | |
| | | વૃંદાવન સોસાયટી | સમ્પ | 35,000.00 | Litre | | |
| | | કનકપુર સ્લમ બોર્ડ | સમ્પ | 250.00 | Sq.Mt. | | |
| | | કનકપુર કનસાડ ઓફિસની બાજુમાં | ESR | 2,50,000.00 | Litre | | |
| | | કનકપુર કનસાડ ઓફિસની બાજુમાં | ESR | 900.00 | Sq.Mt. | | |
| | | કનસાડ મહાદેવ મંદિરની બાજુમાં | ESR | 1,50,000.00 | Litre | | |
| | | કનસાડ ૨૮ ગાળા પાસે | ESR | 3,20,000.00 | Litre | | |
| | | કનસાડ ગામ હળપતિવાસ | ESR | 50,000.00 | Litre | | |
| ૩ | પારડી કણદે | શિવશક્તિ સોસાયટી | સમ્પ | 2,50,000.00 | Litre | | |
| | | કરૂણાપાર્ક સોસાયટી | સમ્પ | 1,50,000.00 | Litre | | |
| | | પારડી પંચાયત ઓફિસની બાજુમાં | સમ્પ | 2,50,000.00 | Litre | | |
| | | ઈન્દિરાનગર | ESR | 70,000.00 | Litre | | |
| ૪ | પાલી | વિષ્ણુનગર | સમ્પ | 3,00,000.00 | Litre | | |
| | | | ESR | 1,00,000.00 | | | |
| ૫ | તલંગપુર | તલંગપુર પ્રા.શાળાની બાજુમાં | ESR | 1,40,000.00 | Litre | | |
| | | તલંગપુર તળાવની બાજુમાં | ESR | 60,000.00 | Litre | | |
| | | હળપતિવાસ | ESR | 40,000.00 | Litre | | |
| | | તળાવફળિયુ હળપતિવાસ પાસે | સમ્પ | 3,00,000.00 | Litre | | |
| ૬ | ઉંબેર | ઉંબેર પ્રા.શાળા પાસે | ESR | 1,00,000.00 | Litre | | |
| | | | સમ્પ | 75,000.00 | Litre | | |
| | | હળપતિવાસ મહાદેવ મંદિર પાસે | ESR | 75,000.00 | Litre | | |
| | | | | | **Total** | | |

**Note :-**

(1) Contractor has to fill rates for a unit of Sq.Mt..and Litre as a consolidated item. The rates shall be quoted in figure & words. If there is any discrepancy the rates quoted in words will be considered as final.

I/We the undersigned had visited the work site, studied the scope of work to be carried out, tender terms, condition and specification and quoted the rate accordingly.

**Executive Engineer**
**South Zone (Udhna) - B**
**Surat Municipal Corporation**

**Signature of Contractor:-**

**Address:-**

**GST CLAUSE**

GST CLAUSE FOR CONSTRUCTION ERECTION / COMMISSIONING / INSTALLATION / REPAIRS / MAINTENANCE / RENOVATION / FABRICATION OF STRUCTURE INCLUDING BUILDING (MEANS ALL WORKS CONTRACT / TURN KEY PROJECTS / SUPPLY OF MATERIAL / GOODS)

GST (Good & Service Tax) has come in existence from 1st July, 2017. Contractor / Successful Bidder is bound to pay nay amount of GST prescribed by the Govt. of India as per the Terms and Contract agreed upon during the course of execution of this Contract.

During the course of execution of Contract, if there is any change in Rate of GST (Good & Service Tax) by the Government, the same shall be reimbursed / recovered separately by SMC, subject to the submission of Original Receipt / Proof for the amounts actually remitted by the Successful Tenderer / Contractor to the Competent Authority along with a Certificate from Chartered Accountant of Contractor / Successful Bidder certifying that the amount of GST paid to the Government and the same shall be intimated / submitted / claimed within 30 (Thirty) days from the date of payment. Remittance of GST within stipulated period shall be the sole responsibility of the Successful Bidder / Contractor failing which, SMC may recover the amount due, from any other payable dues with SMC and decision of Mnicipal Commissioner shall be final and binding on the Contractor / Successful Bidder in the regard. Further, the non-payment of GST to the Government may lead to the termination of Contract and forfeiture of Security Deposit / Performance Guarantee Amount.

If imposition of any other new Taxes / Duties / Levies / Cess of any other incidentals etc. or any increase in the existing Taxes / Duties / Levies / Cess or any other incidentals etc. (Excluding GST) are imposed during the course of the contract, the same shall be born by the Contractor / Successful Bidder only, in no case SMC shall be liable for the same.

**Executive Engineer**
**South Zone (Udhna) - B**
**Surat Municipal Corporation**

**Signature of Contractor :**

**Address :-**

**Date :-**